| | | | | |
|---|---|---|---|---|
| પ્રાપ્તિ તારીખ | : | ૦૪/૧૦/૨૦૨૩ | | |
| નોંધ્યા તારીખ | : | ૦૪/૧૦/૨૦૨૩ | | |
| ફેંસલ તારીખ | : | ૧૬/૦૪/૨૦૨૬ | | |
| સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૨ | ૦૬ | ૧૨ |

**બરવાળાના મહેરબાન જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં,**
**મુકામ-બરવાળા, તાલુકો-બરવાળા, જીલ્લો-બોટાદ**

**ફોજદારી કેસ નંબર ૫૪૩/૨૦૨૩**
**આંક :**

**ફરીયાદી** : શ્રી સરકાર

**વિરુઘ્ધ**

**આરોપીઓ** : (૧) રઘુભાઈ ઉર્ફે મુન્નાભાઈ જહાભાઈ સાટીયા (ભરવાડ),
(૨) લખમણભાઈ જેસાભાઈ સાટીયા (ભરવાડ),
(૩)બુધાભાઈ જેસાભાઈ સાટીયા (ભરવાડ),
(૪) જેસાભાઈ ગોકુળભાઈ સાટીયા (ભરવાડ)
તમામ રહે. રાણપરી, તાલુકો-બરવાળા, જીલ્લો-બોટાદ.

**ગુન્હો:- ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ- ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા ગુજરાત પોલીસ એકટ ની કલમ-૧૩૫ મુજબ.**

ફરિયાદ પક્ષ તરફે વિધ્વાન એ.પી.પી. : શ્રી ડો.પી.એન.કાંગ્રીચા
આરોપીઓ પક્ષ તરફે વિધ્વાન વકીલ : શ્રી પી.એમ.રાઠોડ

## -: ચુકાદો :-

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,

આરોપીઓએ તારીખ ૨૮/૦૬/૨૦૨૩ ના કલાક ૧૮/૩૦ વાગ્યે આ કામના ફરીયાદીનો દીકરો નવઘણભાઈ ફરીયાદીના ઘરેથી ઉંદર પકડીને રાણપરી ગામે તળાવની પાળે મુકવા જતો હતો, તે દરમ્યાન આ કામના આરોપી નંબર-૦૧ ના ઘર

પાસેથી સવારે નીકળેલ હોય, તેની દાઝ રાખી આ કામના આરોપી નંબર-૦૩ નાઓએ હાથમા પહેરેલ ધાતુનું કડલુ ફરીયાદીને માથાના ભાગે મારી, લોહીયાળ ઈજા કરી તથા આરોપી નંબર-૦૨ તથા ૦૪ નાઓએ હાથમા લાકડીઓ લઈ આવી, આ કામના ચારેય આરોપીઓએ ફરીયાદીને તથા ફરીયાદીના દીકરાને ઘર પાસેથી નહી નીકળવાનું કહી ભુંડા બોલી, જાનથી મારી નાખવાની ધમકી આપી, મેજીસ્ટ્રેટ સાહેબના હથીયાર બંધી જાહેરનામાનો ભંગ કરી, ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૪, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા ગુજરાત પોલીસ એકટ કલમ-૧૩૫ મુજબનો ગુન્હો કરેલ. આથી ઉપરોકત બનાવ બાબતે ફરિયાદીએ હાલના આરોપીઓ વિરૂધ્ધ બરવાળા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવેલી.

ફરિયાદીએ ઉપર મુજબની વિગતે ફરિયાદ નોંધાવતાં, **બરવાળા પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબર -૧૧૧૯૦૦૦૧૨૩૦૨૪૭/૨૦૨૩** હેઠળ, **ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ની કલમ- ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪, તથા ગુજરાત પોલીસ એકટ ની કલમ-૧૩૫** મુજબનો ગુન્હો આરોપીઓ વિરૂધ્ધ નોંધાયેલ. સદર ગુન્હો નોંધાતા, તપાસ કરનાર અમલદારે લાગતા વળગતાં સાહેદનાં નિવેદનો નોંધેલ, જરૂરી પંચનામું કરેલ, આરોપીઓને અટક કરેલ તેમજ તપાસના અંતે હાલના આરોપીઓ વિરૂધ્ધ પૂરતો પુરાવો જણાતા તેઓ વિરૂધ્ધ અત્રેની અદાલતમાં ઉપરોકત મુજબના ગુન્હાનું ચાર્જશીટ કરેલ.

(૨) ત્યારબાદ, સદર કામનો સમન્સ આરોપીઓ બજેલ છે અને આરોપીઓ કોર્ટ સમક્ષ હાજર થતાં તેમને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૨૦૭ ની જોગવાઈ મુજબ ફરીયાદ પક્ષે રજુ થયેલ પોલીસ તપાસનાં કાગળોની નકલો આપ્યા બાદ, આરોપીઓ સામે આંક-૬ થી તહોમતનામુ ફરમાવી અનુક્રમે આંક-૭ અને ૧૦ થી પ્લી નોંધતા, આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરેલ છે. જેથી સબબ કેસની કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩) સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાના કેસની હકકીતના સમર્થનમાં નીચે મુજબ દસ્તાવેજી તેમજ મૌખિક પુરાવાઓ રજુ કરેલ છે.

## -: મૌખિક પુરાવો :-

| સાહેદ નંબર | સાહેદનું નામ/વિગત | આંક |
|---|---|---|
| ૧ | **ફરીયાદી** અરવિંદભાઈ ઘુડાભાઈ સાટીયા ની જુબાની | ૨૧ |
| ૨ | **પંચ** નરેન્દ્રસિંહ દિપભા રાઠોડ ની જુબાની | ૨૩ |
| ૩ | **પંચ** અનિરૂધ્ધસિંહ મનુભા પઢિયાર ની જુબાની | ૨૫ |
| ૪ | **પંચ** પ્રતાપસિંહ મોતીભા પઢિયાર ની જુબાની | ૨૬ |
| ૫ | **પંચ** ભરતભાઈ રામજીભાઈ પરમાર ની જુબાની | ૨૮ |
| ૬ | **સાહેદ** હરીચંન્દ્રસિંહ હનુભા પઢિયાર ની જુબાની | ૨૯ |
| ૭ | **સાહેદ** હરેશભાઈ ધનાભાઈ સાટીયાની જુબાની | ૩૦ |
| ૮ | **સાહેદ** નવઘણભાઈ અરવિંદભાઈ સાઠીયાની જુબાની | ૩૨ |
| ૯ | **સાહેદ** ડો.ભાવેશભાઈ લાલજીભાઈ આહિર ની જુબાની | ૩૪ |
| ૧૦ | **સાહેદ** રાધાબેન અરવિંદભાઈ સાઠીયા ની જુબાની | ૩૮ |
| ૧૧ | **તપાસ કરનાર અધીકારી** શ્રી મહેશભાઈ ચતુરભાઈ બાવળીયા ની જુબાની | ૩૯ |
| ૧૨ | **જાહેરનામાના સાહેદ** પ્રકાશભાઈ પ્રભુભાઈ ગાબુ ની જુબાની | ૪૨ |

## -: દસ્તાવેજી પુરાવો :-

| અનુક્રમ | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | અસલ ફરીયાદ | ૨૨ |
| ૨ | ગુના વાળી જગ્યાનુ પંચનામુ | ૨૪ |
| ૩ | અટક પંચનામુ | ૨૭ |
| ૪ | ઈજાનું સર્ટીફીકેટ | ૩૫ |
| ૫ | અસલ કેસ પેપર્સ | ૩૬ |
| ૬ | અસલ એમ.એલ.સી | ૩૭ |

| | | |
|---|---|---|
| ૭ | ડેપ્યુટ હુકમ | ૪૦ |
| ૮ | જાહેરનામું | ૪૧ |
| ૯ | દરખાસ્ત | ૪૩ |

(૪) આ સિવાય ફરીયાદપક્ષ તરફે અન્ય વધુ કોઈ પુરાવા રજુ થયેલ નથી. ત્યારબાદ ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ થતા, ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૩૧૩ અન્વયે આરોપીઓ સામે પુરતો પુરાવો હોય, તેઓનુ વિશેષ નિવેદન નોધવામાં આવેલ છે. જેમાં આરોપીઓએ તેઓના પર ખોટો કેસ કરેલ હોવાની હકિકત જણાવેલ છે.વધુમા જણાવેલ છે કે, '' અમો તહોમતદાર નિર્દોષ છીએ. કહેવાતો ગુનો અમોએ કરેલ જ નથી.ખોટી ફરીયાદ દાખલ કરેલી છે. ''

(૫) ત્યારબાદ સદર કામે ફરીયાદપક્ષના કેસની હકીકતો, રજુ કરેલા દસ્તાવેજી તેમજ મૌખિક પુરાવાઓ, કાયદાકીય જોગવાઈઓ વિગેરે ધ્યાને લઈ સદર કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયા.

**::–મુ દ્દા–::**

*૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ તા.૨૮/૦૬/૨૦૨૩ ના કલાક ૧૮/૩૦ વાગ્યે, આ કામના ફરીયાદીને આ કામના આરોપી નંબર–૦૩ નાઓએ હાથમા પહેરેલ ધાતુનું કડલુ ફરીયાદીને માથાના ભાગે મારી, લોહીયાળ ઈજા કરી તથા આરોપી નંબર–૦૨ તથા ૦૪ નાઓએ હાથમા લાકડીઓ લઈ આવી, આ કામના ચારેય આરોપીઓએ ફરીયાદીને તથા ફરીયાદીના દીકરાને ઘર પાસેથી નહી નીકળવાનું કહી, મેજીસ્ટ્રેટ સાહેબના હથીયાર બંધી જાહેરનામાનો ભંગ કરી, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૪, ૧૧૪ તથા ગુજરાત પોલીસ એકટ કલમ–૧૩૫ મુજબનો ગુનો કરેલ છે ?*

*૨.        શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તારીખ ૨૮/૦૬/૨૦૨૩ ના કલાક ૧૮/૩૦ વાગ્યે, મોજે રાણપરી ગામે, આ કામના ફરીયાદી તથા ફરીયાદીના દીકરાને જેમ ફાવે તેમ* ***ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકી આપી, ભારતીય દંડ સંહિતા ની કલમ–૫૦૪, ૫૦૬(૨)*** *મુજબનો ગુનો કરેલ છે ?*

*૩.        શું હુકમ ?*

**(૬)** ઉપરોકત મુદ્દાઓના નિર્ણય તેના કારણો સહિત નીચે મુજબ છે.

મુદ્દા નંબર ૧: **નકારમાં**

મુદ્દા નંબર ૨: **નકારમાં**

મુદ્દા નંબર ૩: **આખરી હુકમ મુજબ**.

## –::નિર્ણયના કારણો::–

**ફરીયાદપક્ષ તરફે એ.પી.પી.શ્રીની દલીલ:–**

**(૭)** એ.પી.પી.શ્રી પોતાની દલીલોમા જણાવે છે કે, આરોપીઓએ ખૂબ જ ગંભીર પ્રકારનો ગુનો કરેલો છે. આરોપીએ ભેગા મળીને ફરીયાદીને ખૂબ જ ગંભીર પ્રકારની ઈજાઓ કરી, ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરેલો છે. આરોપીઓએ ફરીયાદીને કરેલ ઈજાના કારણો ફરીયાદીને ખૂબ જ દુ:ખ ત્રાસ સહન કરવો પડેલ છે. આ કામે ફરીયાદી અને સાહેદોની જુબાની દરમ્યાન સ્પષ્ટપણે કેસના રેકર્ડ પર આવેલ છે કે, આરોપીઓએ મળીને ફરીયાદીને ઈજાઓ કરેલ છે. આ કામે તપાસ કરનાર અમલદાર ડોકટર ભાવેશભાઈ લાલજીભાઈ ફરીયાદીને થયેલ ઈજાને સમર્થન આપેલ છે અને તેઓ પોતાની જુબાની દરમ્યાન આંક–૩૫ થી ફરીયાદીનું મેડીકલ સર્ટીફિકેટ રજૂ કરેલ છે તેમજ તપાસ કરનાર અમલદાર ઘ્વારા આરોપી પાસેથી ગુનાના કામે વપરાયેલ કડુ તથા લાકડી કબજે કરેલ છે. આમ, સમગ્ર રેકર્ડ પરનો પુરાવો ઘ્યાને લેતા, ફરીયાદપક્ષે આરોપીઓ સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરેલ હોય

આરોપીઓને કાયદામા સૂચવેલ સખત સજા કરવા વિનંતી કરેલ છે.

**આરોપીઓના વિધ્વાન વકીલશ્રીની દલીલો:-**

(૮) આરોપીઓના વિધ્વાન વકીલશ્રી પોતાની દલીલોમા જણાવે છે કે, આરોપીઓ કહેવાતો કોઈ ગુનો કરેલ નથી. આરોપીઓ નિર્દોષ છે. આ કામે તપાસવામા આવેલ ફરીયાદી પોતાની જુબાની દરમ્યાન ફરીયાદની હકિકતોથી તદન વિરોધાભાસ હકિકતો જણાવે છે. આ કામે તપાસવામા આવેલ બનાવવાળી જગ્યાને અટક પંચનામા ના પંચો ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા નથી, તેઓને એ.પી.પી.શ્રી ધ્વારા ફરી ગયેલા જાહેર કરેલ છે. આ કામે ફરીયાદપક્ષ ધ્વારા તપાસવામા આવેલ સાહેદ હરિચંન્દ્રસિંહ હનુભા પઢિયાર અને હરેશભાઈ સનાભાઈ સાટિયાનાઓ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોવાથી તેઓને પણ ફરી ગયેલા જાહેર કરેલ છે. ત્યારે આ કામે તપાસેલ ડોકટરશ્રી ભાવેશકુમાર લાલજીભાઈ આહિરનાઓ ને પણ કબૂલ કરેલ છે કે તેમના મેડીકલ સર્ટિફિકેટમા કયા વ્યકિતએ શું ઈજા કરેલ અને કયા હથિયાર વડે કરેલ તેનો ઉલ્લેખ કરેલ નથી. તેમજ છકડા ઉપર થી પડી જવાથી આવી ઈજા સંભવી શકે. ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા આરોપીઓ સામેનો કેસ ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરવામા નિષ્ફળ નિવડેલ હોય, શંકાનો લાભ આપી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

(૯) ફોજદારી ન્યાયતંત્રના સ્થાપિત સિદ્ધાંત મુજબ એવું અનુમાન કરવાનું હોય છે કે જયારે સાહેદ સોગંદ ઉપર જુબાની આપે છે ત્યારે તેઓ પોતાના જ્ઞાન અને માહિતી મુજબ સાચુ જ બોલતા હોય છે, સિવાય કે તેનાથી વિરૂદ્ધની હકીકતો સાબિત કરવામાં આવે, જ્યાં સુધી એવી હકીકત સાબિત કરવામાં ના આવે કે સાહેદને ખોટું બોલવા કોઈ કારણ છે ત્યાં સુધી તેમની જુબાની વિશે શંકા કરવા કોઈ કારણ રહેતું નથી. ક્રિમીનલ જસ્ટીસ સિસ્ટમમાં સત્ય શું છે તેનો નિર્ણય કરવા માટે ફરીયાદપક્ષ દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ પુરાવાની છણાવટ પર આધાર રહેલ છે, પુરાવાની છણાવટ કેવી રીતે કરવી તે માટેના કોઈ ચોક્કસ નિયમો ઘડવામાં આવેલા નથી કારણ કે દરેક કેસની હકીકતો, પુરાવો

આજુબાજુના પરીબળો તે તમામ હકીકતો ભિન્ન ભિન્ન પ્રકારના હોય છે. **નામદાર સર્વોચ્ચ અદાલતે સ્ટેટ ઓફ હિમાચલ પ્રદેશ વિરૂદ્ધ લેખરાજ [૨૦૦૦ સુપ્રિમકોર્ટ કેસીસ ૨૪૭ (ક્રિમીનલ)]** ના ચુકાદામાં ઠરાવ્યા મુજબ જ્યારે કોઈ ફોજદારી કેસમાં કેસની પરિસ્થિતિ, તમામ પરીબળો તેમજ ફરીયાદપક્ષ તરફથી રજુ કરવામાં આવેલ પુરાવાનું મુલ્યાંકન કરવાનું હોય ત્યારે તેમાં વિરોધાભાસ, અતિરેકના કારણે ફરીયાદપક્ષના સમગ્ર કેસને અસર થતી ના હોય તો તેવો પુરાવો સ્વીકારી શકાય છે, કારણ કે ક્યારેક આવી વિસંગતતા, વિરોધાભાસ અગર તો અતિરેકતા સાહેદ એવા ભય સાથે ઉત્પન્ન કરતા હોય છે કે અદાલત તેઓના ઉપર અવિશ્વાસ કરી બેસે. નામદાર સર્વોચ્ચ અદાલતે સદર ચુકાદામાં એવું પણ જણાવેલ છે કે ફરીયાદપક્ષ દ્વારા રજુ કરેલ પુરાવાનું જીવનની વાસ્તવિકતાને નજર સમક્ષ રાખીને મુલ્યાંકન કરવું જોઈએ, માત્ર ટેકનિકલ કારણોસર આખોય પુરાવો ડીસ્કાર્ડ કરવો જોઈએ નહી. સાહેદે આપેલી જુબાની કઈ પરિસ્થિતિમાં આપેલ છે, કઈ પરિસ્થિતિમાં બનાવ બનેલ છે, બનાવ બન્યા બાદની સ્થિતિ, સાહેદનું જ્ઞાન, બનાવ વખતના પરીબળો, કેવા સંજોગોમાં જુબાની આપેલ છે તે હકીકતોને અનુલક્ષીને જ પુરાવાનું મુલ્યાંકન કરવું જોઈએ. સાબિત થયેલ હકીકતો કોને કહેવાય તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યક્તિ જે તે સંજોગોમાં જે તે હકીકતનું અસ્તિત્વ હોવાનું અદાલત માને તો તેવી હકીકત સાબિત થયેલી ગણાય.

- **<u>મુદ્દા નંબર ૧ અંગે:-</u>**

**(૧૦)** ફરીયાદપક્ષના કેસમાં હાલના કામના આરોપી સામે **ભારતીય દંડ સંહિતાની કલમ- ૩૨૪, ૧૧૪ અને ગુજરાત પોલીસ એકટની કલમ-૧૩૫** મુજબનો આક્ષેપ છે. ત્યારે આરોપી સામેનો આક્ષેપિત ગુનો પુરવાર કરવા માટે નીચે મુજબના આક્ષેપિત તત્વો પુરવાર કરવાના રહે છે.

**<u>ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૪ :-ભયાનક શસ્ત્રો કે સાધનો ધ્વારા સ્વેચ્છાપૂર્વક વ્યથા પહોંચાડવી :-</u>**

**આ કલમનાં તત્વો નીચે મુજબ છે.**

**(૧)** આરોપીએ ભોગ બનનારને શારીરિક પીડા, રોગ અથવા અશકિત નિપજાવી,

**(૨)** આવી ઈજા આરોપીએ, ઈજા પહોંચાડવાનાં ઈરાદાથી અથવા તેને વ્યથા થાય તેવો સંભવ હોવાનું જાણવા છતાં એટલે કે સ્વેચ્છાપૂર્વક પહોંચાડી,

**(૩)** આ ઈજા ગોળી છોડવાનાં અથવા ભોંકવાનાં અથવા કાપવાનાં સાધન વડે કરવામાં આવી હતી અથવા જે સાધનનો આક્રમક હથિયાર તરીકે ઉપયોગ કરવાથી મૃત્યૃ નિપજવા સંભવ હોય તેવા સાધન વડે અથવા આગ કે તપાવવેલા કોઈ પદાર્થ વડે કે ઝેર કે ક્ષયજનક પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ વડે કરવામાં આવી હતી અથવા કોઈ પદાર્થ શ્વાસમાં લેવાથી, ગળી જવાથી કે લોહીમાં ભળવાથી માનવશરીરને હાનિકારક નિવડે તેવા પદાર્થ વડે કે કોઈ પ્રાણી મારફત આવી વ્યથા પહોંચાડવામાં આવી હતી.

- **ભારતીય ફોજદારી ધારાની કલમ ૧૧૪ હેઠળનો શિક્ષાપાત્ર ગુનો સાબિત કરવા ફરીયાદ પક્ષે નીચે મુજબની બાબતો સાબીત કરવી જરુરી છે.**

  (૧) ગુનો બન્યો છે.

  (૨) તે ગુનામાં આરીપીએ મદદગારી/ઉશ્કેરણી કરી છે.

**(૧૧)** હાલના કામના આરોપીઓ ઉપર એવો આક્ષેપ છે કે, આ કામના આરોપી નંબર ૩ નાઓ એ ગઈ તારીખ ૨૮/૦૬/૨૦૨૩ ના કલાક ૧૮/૩૦ વાગ્યે આ કામના ફરીયાદીને માથા ના ભાગે, હાથમા પહેરવાનના કડલા નો ઘા મારી, લોહીયાળ ઈજા કરી, માથુ ફોડી નાખેલ અને આરોપી નંબર ૨ તથા નંબર ૩ નાઓ હાથમા લાકડીઓ લઈ ને આવી, આ કામના તમામ આરોપીઓએ **ગુનો કરવામા એકબીજાને મદદગારી કરી,** જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબના હથીયાર બંધી જાહેરનામાનો ભંગ કરેલ.

ત્યારે ઉપરોકત **ભારતીય દંડ સંહિતાની કલમ- ૩૨૪, ૧૧૪, તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ-૧૩૫** ના તથ્યો પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષે તપાસવામા આવેલા સાહેદો પૈકી નીચે જણાવેલ સાહેદોને **ફરી ગયેલા** જાહેર કરવામા

આવેલ છે અને તેઓએ **<u>ફરીયાદ પક્ષને લેશમાત્ર સમર્થન આપેલ નથી.</u>**

- **આંક-૨૯** સાહેદ **હરીચન્દ્રસિંહ હનુભાઈ પઢીયાર (બનાવ સમયે હાજર સાહેદ)**
- **આંક-૩૦** સાહેદ **હરેશભાઈ ઘનાભાઈ સાટીયા**

**(૧૨)** ફરીયાદ પક્ષ તરફથી તપાસવામા આવેલા નીચે જણાવેલ **પંચ સાહેદો** ને પણ **ફરી ગયેલા** જાહેર કરવામા આવેલ છે અને તેઓએ ફરીયાદ પક્ષને કે **આંક-૨૪ વાળા ગુનાવાળી જગ્યાના પંચનામાને** તથા **આંક-૨૭ વાળા અટક પંચનામા** ની હકીકત ને **લેશમાત્ર સમર્થન આપેલ નથી.**

- **આંક-૨૩** પંચસાહેદ **નરેન્દ્રસિંહ દિપભા રાઠોડ**
- **આંક-૨૫** પંચસાહેદ **અનીરુધ્ધસિંહ મનુભા પઢીયાર**
- **આંક-૨૬** પંચસાહેદ **પ્રતાપસિંહ મોતીભા પઢીયાર**
- **આંક-૨૮** પંચસાહેદ **ભરતભાઈ રામજીભાઈ પરમાર**

**(૧૩)** આમ ફરીયાદ પક્ષનો કેસ માત્ર નીચેના સાહેદોના પુરાવા પર આધારીત છે.

- **આંક-૨૧** ફરીયાદી **અરવિંદભાઈ ધુડાભાઈ સાટીયા**
- **આંક-૩૨** સાહેદ **નવઘણભાઈ અરવિંદભાઈ સાટીયા (ફરીયાદીના પુત્ર)**
- **આંક-૩૮** સાહેદ **રાધાબેન અરવિંદભાઈ સાટીયા (ફરીયાદીના પત્ની)**
- **આંક-૩૨** ડોકટર સાહેદ **ડો.ભાવેશભાઈ લાલજીભાઈ આહીર**
- **આંક-૩૯** તપાસ કરનાર અધીકારી **શ્રી એમ.સી.બાવળીયા**

➢ ***<u>પુરાવાની તુલના :-</u>***

**(૧૪)** ફરીયાદપક્ષે આરોપીઓ ઉપર આક્ષેપાયેલ ભારતીય દંડ સંહિતાની

કલમ–૩૨૪ ના તથ્યો પુરવાર કરવા ફરીયાદી નામે **અરવિંદભાઈ ઘુડાભાઈ સાટીયા ને આંક–૨૧ થી** સોગંદ પર તપાસેલ છે, ઉપરોકત ફરીયાદી સાહેદ ની જુબાની ઘ્યાને લેતા બનાવ ના સ્થળ, સમય તથા તારીખ ને સમર્થન કરે છે અને ફરીયાદીએ બનાવ બાદ નોંધાવેલ ફરીયાદ મા પણ આ હકીકત જણાવેલ છે. તેઓની ઉલટ તપાસમા આ બાબતે મહદઅંશે ચેલેન્જ કરવામા આવેલ નથી. આમ, એ હકીકત પુરવાર થાય છે કે, બનાવ તારીખ ૨૮/૦૬/૨૦૨૩ ના રોજ સાંજના સાડા છ વાગ્યાની આસપાસ **હરેશભાઈ પઢીયાર ની દુકાને બનેલો** અને ફરીયાદીની જુબાની પર થી જણાઈ આવે છે કે, ફરીયાદીનો દીકરો નવઘણ ત્યા હાજર હતો. પરંતુ આ અંગે આંક–૩૨ થી તપાસેલ સાહેદ ફરીયાદીના પુત્ર નવઘણ અરવિંદભાઈ સાટીયા ની જુબાની જોતા તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, **તેઓએ હરેશભાઈ પઢીયાર ની દુકાન જોયેલ નથી**. વઘુમા ફરીયાદ ની હકીકત જોતા તેમા '' **ઉપરોકત બનાવ દરમ્યાન દુકાન વાળા હરેશભાઈ પઢીયાર ઝઘડો નહી કરવા સમજાવતા આ ત્રણેય જણા ઝઘડો કરતા અટકી ગયેલા** '' ની હકીકત જણાઈ આવે છે. આમ, બનાવ હરેશભાઈ પઢીયાર ની દુકાને બનેલ છે ત્યારે આંક–૨૯ થી તપાસેલ **સ્વતંત્ર સાહેદ હરેશભાઈ ની જુબાની ઘ્યાને લેવી અતી આવશ્યક છે,** જેઓની જુબાની જોતા તેઓ **હોસ્ટાઈલ** છે અને જણાવે છે કે, આ કેસમા તેઓ કાઈ જાણતા નથી અને ઉલટતપાસ મા એ હકીકત નો સ્વીકાર કરે છે કે, **તેઓની દુકાન સામે તેઓની હાજરીમા કોઈ ઝઘડો થયેલ હોય અને તેમને ફરીયાદી અને આરોપીઓને છુટા પડાવેલ હોય તેવુ બનેલ નથી અને કહેવાતો બનાવ તેમને નજરે જોયેલ હોય તેવુ બનેલ નથી.** આમ, ઉપરોકત બાબતે મહદઅંશે વિરોઘાભાસ જણાઈ આવેલ છે.

વઘુમા ફરીયાદીએ તેમની જુબાની મા જણાવેલ છે કે, **બુઘાભાઈએ પાછળથી આવીને તેમને માથાની જમણી બાજુના ભાગે ચાંદીનુ હાથમા પહેરવાનુ કડલા થી ઘા કરેલ હતો. જેથી તેમના માથામાથી લોહી નીકળવા લાગેલ અને અન્ય આરોપીઓ લક્ષ્મણભાઈ, બુઘાભાઈ, રઘુભાઈ ફરીયાદીને ગાળો આપવા લાગેલા.** જેથી ફરીયાદી અને તેમનો દીકરો ઘરે જતા રહેલા અને ત્યારબાદ

તેમને બરવાળા સરકારી દવાખાને સારવાર માટે લઈ ગયેલા અને ત્યા ફરીયાદીના માથામા ટાંકા લીધેલા અને સારવાર પુરી થયા બાદ તેઓ બરવાળા પોલીસ સ્ટેશને ગયેલા અને કાચી ફરીયાદ લખાવેલી અને બીજા દીવસે તેમના પિતાજી તથા વકીલ અને પરીવારજનો સાથે એફ.આઈ.આર. દાખલ કરવા ગયેલા. આમ, **બનાવ બન્યા બાદ સૌ પ્રથમ ફરીયાદીએ કાચી ફરીયાદ આપેલ અને બાદ બીજા દીવસે તેઓએ ફરીયાદ કરેલ છે જે બાબતે ફરીયાદ પક્ષે કોઈ વ્યાજબી ખુલાસો કરેલ નથી.**

વધુ મા ફરીયાદીએ જણાવેલ તેઓને થયેલ ઈજાઓ બાબતે **આંક-૩૪** થી તપાસેલ **ડોકટર સાહેદ ડો.ભાવેશભાઈ લાલજીભાઈ આહીર** ની જુબાની ધ્યાને લેતા, બનાવ સમયે તેઓ મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવતા હતા અને જેઓએ ફરીયાદી ને થયેલ ઈજાઓ બાબતે સારવાર આપેલ હોવાનું જણાવે છે. તેઓની શારીરિક તપાસ કરતા જે ઈજાઓ જોવા મળેલી તે જણાવેલ છે. ત્યારબાદ સદર સાહેદ તેઓએ રજુ કરેલ મેડીકલ સર્ટીફીકેટ ને ઓળખી બતાવે છે.

જયારે બચાવપક્ષે લીધેલ ઉલટ તપાસમા એ હકીકત નો સ્વીકાર કરે છે કે, **તેમને રજુ કરેલ મેડીકલ સર્ટીફીકેટમા કયા વ્યકિતએ શુ ઈજા કરેલ અને કયા હથીયાર વડે કરેલ તેનો ઉલ્લેખ કરેલ નથી** અને રજુ કરેલ સર્ટીફીકેટમા દર્દીને કેટલા ટાંકા લીધેલ તે દર્શાવેલ નથી. વધુમા જણાવે છે કે, છકડા ઉપર થી પડી જવાથી આ પ્રકારની ઈજા થઈ શકે છે. આમ, ડોકટર એક સ્વતંત્ર સાહેદ છે અને તેઓ સારવાર દરમ્યાન ઈજા પામનારની વિગતો અને કઈ કઈ ઈજાઓ થયેલી છે તેઓ સ્પષ્ટ ઉલ્લેખ સર્ટીફીકેટમાં કરે છે. જે પણ ફરીયાદપક્ષ ના કેસ ઉપર શંકા વધારે છે.

આમ સદર ડોકટર સાહેદે ફરીયાદી ને થયેલ ઈજાઓ બાબતે સારવાર આપેલ હોવાનુ જણાવેલ છે. પરંતુ ઈજા પામનારે હીસ્ટ્રીમા તેમને કયા હથીયાર વડે ઈજા થયેલ હતી, તેવી કોઈ હકીકત જણાવેલ નથી. વધુમા કયા આરોપીએ કયા હથીયાર વડે માર મારેલ તે હકીકત પણ જણાવેલ નથી. **જેથી સદર ડોકટર સાહેદના પુરાવો તથા રજુ થયેલ મેડીકલ સર્ટીફીકેટ ધ્યાને લેતાં ફરીયાદી ને ઈજા થયેલ હોવાનું જણાય આવે છે, પરંતુ તે ઈજા હાલના આરોપીઓ દ્વારા જ પહોંચાડવામાં આવેલી કે કેમ? તે**

**હકીકત પુરવાર થતી નથી.** ઉલ્લેખનીય છે કે, નામદાર સર્વોચ્ચ અદાલતના પ્રસ્થાપિત સિદ્ધાંતો અનુસાર મેડીકલ એવીડન્સ એ કોરોબરેટીવ એવીડન્સ છે અને ઓક્યુલર એવીડન્સ જ્યારે મેડીકલ એવીડન્સને સંપુર્ણ સુસંગત હોય તો તેવા પ્રકારનો પુરાવો આરોપીને તકસીરવાન ઠરાવવા માટે આધારભુત પુરાવો કહી શકાય. પરંતુ એકદમ સ્પષ્ટ દેખીતી વિસંગતતા ઓક્યુલર એવીડન્સ અને મેડીકલ એવીડન્સમાં હોય ત્યારે તેવા પ્રકારનો પુરાવો વિરોધાભાસી પુરાવો કહેવાય અને તે શંકાનો લાભ આરોપીને મળે. **આમ સદર કામના આરોપીઓ દ્વારા ઈજા થયેલ કે ક્યા આરોપીએ ઈજા કરેલ તે અન્વયે સ્પષ્ટ હકિકત નિઃશંક પણે સાબીત થતી નથી.** જેથી મેડિકલ ઓફિસરશ્રીની જુબાનીને આધાર બનાવી આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય નહી તેવુ અત્રેની અદાલત નુ માનવુ છે.

**(૧૫)** વધુમા, ફરીયાદીએ જણાવેલ ઈજાઓ બાબતે, **આંક-૩૨** થી તપાસેલ સાહેદ **નવઘણભાઈ અરવીંદભાઈ સાટીયા** ની ઉલટ તપાસ જોતા તેઓએ એ હકીકત નો સ્વીકાર કરેલ છે કે, '' **આરોપી અને ફરીયાદી વચ્ચે ઉંદરડા મુકવા બાબતે સામાન્ય બોલાચાલી થયેલ તે સીવાય બીજુ કશુ બનેલ નથી.**'' આરોપીએ તેમને કોઈ ગાળો આપેલ હોય કે માર મારેલ હોય તેવુ બનેલ નથી. **ઉપરોકત સાહેદ ફરીયાદી ના પુત્ર છે અને બનાવ સમયે હાજર હતા પરંતુ તેઓનો પુરાવો જોતા ફરીયાદપક્ષને સમર્થનકારક પુરાવો જણાઈ આવતો નથી.** પરંતુ મહદઅંશે વિરોધાભાસ જણાઈ આવેલ છે.

ફરીયાદપક્ષે **આંક-૩૮** થી તપાસેલ સાહેદ **રાધાબેન અરવીંદભાઈ સાઠીયા** કે જેઓ ફરીયાદીના પત્ની છે તેઓની જુબાની ધ્યાને લેતા, તેઓ બનાવ સમયે ઘરે હતા અને બનાવ ની જાણ તઓને તેમના દીકરા નવઘણે કરેલી હતી. વધુમા બચાવપક્ષે લીધેલ ઉલટ તપાસ મા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, **બનાવ તેમને નજરે જોયેલ નથી અને બનાવ નજરે જોયેલ ન હોવાથી બનાવ કેવી રીતે બનેલ છે તે તેઓ કહી શકે નહી.** આમ સદર સાહેદોએ બનાવ નજરે જોયેલ ન હોય, તેઓના પુરાવાનું કોઈ વિશેષ

મહત્વ રહેતુ નથી અને તેથી અત્રે વિશેષ ચર્ચા કરવી આવશ્યક જણાતુ નથી.

**(૧૬) આમ, બનાવ નજરે ન જોયેલ સાહેદના પુરાવાનુ મુલ્યાંકન અન્વયે આ તબકકે ભારતીય પુરાવા અધિનિયની કલમ ૬૦ ધ્યાને લેતા,** સદર કલમ અન્વયે પ્રત્યક્ષ પુરાવો એ કાયદાની દૃષ્ટિએ ધ્યાને લઈ શકાય અને જે વ્યકિતએ કોઈ હકીકત પ્રત્યક્ષ અનુભવી હોય અને તે કોર્ટમા જુબાન આપે તેને પ્રત્યક્ષ પુરાવો કહેવાય સદર સાહેદ નજરે જોનાર સાહેદ ન હોય તે કાયદાની પરિભાષા મુજબ '' **હીયર-સે વીટનેસ** '' છે અને તેઓએ સાંભળેલી હકીકત અન્વયે પુરાવો આપેલ હોય જેથી તેઓએ બનાવ નજરે જોયેલ ન હોવાનું સ્પષ્ટપણે ફલિત થાય છે. જેથી તેઓના પુરાવાનું કોઈ વિશેષ મહત્વ રહેતુ નથી અને તેથી અત્રે વિશેષ ચર્ચા કરવી આવશ્યક જણાતુ નથી.

વધુમા અગાઉ કરેલ ચર્ચા મુજબ **ગુનાવાળી જગ્યાના પંચનામા તથા અટક પંચનામા ના પંચો પણ ફરી ગયેલા** જાહેર કરેલા છે અને **ફરિયાદપક્ષને સમર્થન કરતી કોઈ હકીકત બહાર લાવી શકેલ નથી તથા પંચનામાની હકીકત ને લેશમાત્ર સમર્થન આપતા નથી.**

**(૧૭)** આ કામે **આંક-૩૯** થી આ કામના **તપાસ કરનાર અમલદાર શ્રી મહેશભાઈ ચતુરભાઈ બાવળીયા** ને સોગંદ પર તપાસતા, સદરહુ તપાસ કરનાર અમલદાર શ્રી એ પોતે કરેલ તપાસ ને અનુરુપ જુબાની આપેલ છે, સદર તપાસ કરનાર અમલદાર શ્રી એ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ અને પંચનામુ કરેલ તથા આરોપીઓને અટક કરેલ તથા હથિયારો કબજે કરેલ છે અને નામ.કોર્ટમા ચાર્જશીટ કરેલ છે.

**ત્યારે, રેકર્ડ જોતા બનાવવાળી જગ્યા જાહેર જગ્યા છે પરંતુ આ કામના તપાસ કરનાર અમલદારે** અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદન લીધેલ નથી. આ તબકકે **ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨ ની કલમ ૨૫ વંચાણે લેતા...તથા નામ. સુપ્રિમ કોર્ટના** સુપ્રિમ કોર્ટે સન્શપાલસીગ વિરૂધ્ધ સ્ટેટ ઓફ દિલ્હી એ.આઈ.આર ૧૯૯૯ સુપ્રિમ કોર્ટ ૪૯ ઉપરના ચુકાદામાં ઠરાવેલ છે કે, '' **સામાન્ય રીતે ફોજદારી કેસમાં**

**આરોપીઓ સામેનો ગુનો નિ:શંકપણે પુરવાર થવો જોઈએ. જો ગુનો જાહેર જગ્યામાં બનેલો હોય અને તે જગ્યાએ પબ્લીકના માણસોની અવરજવર હોય અને આવા પબ્લીકના માણસોનો જવાબ સહેલાઈથી મેળવી શકાય તેમ હોય તો તેવા સંજોગોમાં તપાસ કરનાર અધીકારીએ તેવા પબ્લીકના માણસોનો જવાબ લેવો જોઈએ અને ફરીયાદપક્ષે તે વ્યકિતને સ્વતંત્ર સાક્ષી તરીકે તપાસવા જોઈએ, અન્યથા માત્ર પોલીસના પુરાવાના આધારે આરોપીને સજા થઈ શકે નહી** '' આ સિધ્ધાંત હાલના કેસમાં પણ જોતા બંધ બેસતો અને યોગ્ય જણાઈ છે.

**(૧૮)** **વધુમા,** આ સંદર્ભે **૧૯૮૯(૨) ક્રાઇમ્સ, ૪૬૭-સ્ટેટ ઓફ યુ.પી.વિ.મદન મોહન અને અન્ય** નો ચુકાદો વંચાણે લેવામાં આવે તો તેમાં નામ. સર્વોચ્ચ અદાલતે એવું ઠરાવેલ છે કે, જ્યારે બનાવ સંબંધેની હકીકત છુપાવવામાં આવી હોય ત્યારે ફરિયાદ પક્ષનો કેસ શંકાસ્પદ બની જાય છે. સદરહુ ચુકાદામાં એવું ઠરાવવામાં આવેલ છે કે, બનાવ સમયે સ્વતંત્ર સાહેદો સરળતાથી મળી શકે તેમ હોય છતાં તેવા સાહેદોને તપાસવામાં આવેલા નહિ અને તેથી ફરિયાદ પક્ષ કંઇક છુપાવવા માંગતા હોય તેવું સ્પષ્ટ થતુ હોય ફરિયાદ પક્ષનો કેસ શંકાસ્પદ બની જાય છે.

વધુમાં હાલના કામના આરોપીઓ ઉપર **ભારતીય દંડ સંહિતાની કલમ- ૧૧૪** મુજબનો આક્ષેપ છે ત્યારે ફરીયાદી તથા સાહેદોની રેકર્ડ પરની જુબાની ધ્યાને લેતા આ કામના આરોપીઓ ઉપર ઉપરોકત ભારતીય દંડ સંહીતાની કલમ-૩૨૪, મુજબનો આક્ષેપ પુરવાર થયેલ ન હોય તો હાલના કામ ના આરોપીઓ એ કેવી રીતે એબેટમેન્ટ કર્યુ છે તે કહી શકાય નહી. જેથી ભારતીય દંડ સંહિતા ની કલમ- ૧૧૪ પુરવાર થયેલ છે તે માની શકાય નહી.

**(૧૯)** આમ, ઉપરોકત પુરાવો ધ્યાને લેતા સ્પષ્ટ થાય છે કે, ફરીયાદીની ફરીયાદ, કોર્ટ સમક્ષની જુબાની, સાહેદોની પોલીસ રૂબરૂના નિવેદન અને કોર્ટ સમક્ષની જુબાનીમા

તથા ડોકટરશ્રીના સર્ટીફીકેટમા કયા આરોપીએ કયા હથિયારથી/હથિયારના કયા ભાગથી, કોને કેટલી ઈજા કરેલ તે સંબંધે મહદઅંશે વિરોધાભાસ છે. જેથી ઉપરોકત **ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૨૪** મુજબનો ગુનો પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સદંતર નિષ્ફળ ગયેલ છે. આ સંજોગોમા એ હકીકત નિ:શંકપણે માની શકાય તેમ નથી કે, ફરીયાદીને આ કામના આરોપીઓએ ફરીયાદમા જણાવેલ ઈજાઓ પહોંચાડી, ભારતીય દંડ સંહિતાની કલમ–**૩૨૪, ૧૧૪** અન્વયે નો ગુનો કરેલ છે. જેથી **મુદા નંબર ૧** નો જવાબ '' **નકાર** '' મા આપવામા આવે છે.

**(૨૦)** વધુમાં આરોપી સામે **ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૫** મુજબના ગુન્હાનું તહોમત મુકવામાં આવેલ છે. સદર ગુનાનું તહોમત પુરવાર કરવું હોય તો ફરિયાદપક્ષે એવી હકીકત નિઃશંકપણે પુરવાર કરવી પડે કે, બનાવની તારીખે, સમયે અને સ્થળે જીલ્લા મેજી.શ્રીનું ગુજરાત પોલીસ એક્ટની કલમ–૩૭(૧) અન્વયેનું હથીયારબંધીનું જાહેરનામું અમલમાં હોવા છતા આરોપીઓએ બનાવમાં હથીયારો ધારણ કરી, સદર હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરી કહેવાતો ગુનો આચરેલ છે. જે અન્વયે આરોપીઓ વિરુધ્ધ સદર ગુનાનું તહોમત પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ તરફે મામલતદાર કચેરી, બરવાળા ના જીલ્લા મેજીસ્ટ્રેટ બોટાદ ના હથિયાર બંધી **જાહેરનામાના જાણકાર કલાર્ક પ્રકાશભાઈ પ્રભુભાઈ ગાબુ ને આંક–૪૨** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર સાહેદની જુબાની થકી જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી, બોટાદે જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, બોટાદ ને હથીયારબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા કરેલ દરખાસ્તની નકલ તથા જીલ્લા મેજી.શ્રી, બોટાદના તારીખ ૦૫/૦૬/૨૦૨૩ ના રોજના જાહેરનામાની નકલ ને આંક–૪૧ આપી પુરાવામાં વંચાણે લેવામાં આવેલ છે. સદર જાહેરનામુ ધ્યાને લેતાં આ જાહેરનામુ તારીખ ૦૫/૦૬/૨૦૨૩ ના રોજ બહાર પાડવામાં આવેલાની હકીકત તથા સદર જાહેરનામાના અમલની તારીખ ૦૯/૦૬/૨૦૨૩ થી તારીખ ૦૮/૦૭/૨૦૨૩ સુધીની જણાવવામા આવેલ છે અને સદર હથીયારબંધીનું જાહેરનામુ સમગ્ર બોટાદ

જીલ્લામાં અમલમાં હોવાનુ જણાવવામાં આવેલ છે, જ્યારે હાલનો ગુનો તારીખ ૨૮/૦૬/૨૦૨૩ ના રોજ બનેલાની હકીકત અત્રેની અદાલતના રેકર્ડ ઉપર છે. મતલબ કે, હાલના કામનો બનાવ બન્યો તે સમયે બોટાદ જીલ્લામાં જીલ્લા મેજી.શ્રી, બોટાદનું હથીયારબંધીનું જાહેરનામુ અમલમાં હતું તેવી હકીકત અત્રેની અદાલતના રેકર્ડ ઉપર પુરવાર થયેલ છે તેમ કહી શકાય, પરંતુ **રેકર્ડ ઉપરની હકીકત ધ્યાને લેતાં હાલના કામનો બનાવ બન્યો તે દિવસે આવા હથીયારબંધીના જાહેરનામાની જાણ જાહેર જનતાને હોય તેને લગતાં કોઇ ચોક્કસ પુરાવા અત્રેની અદાલતના રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમા, *જાહેરનામાની જાણ*** *પ્રતિબંધિત વિસ્તારોમાં નગરાભેર બોલીને કે અન્ય કોઈ રીતે લોકોને જાણ કરવી જોઈએ. પરંતુ આવી કોઈ રીતે જાહેરનામાંની જાણ કોર્ટ સમક્ષ કરવામાં આવેલ હોય તેવી હકીકત પણ રેકર્ડ પર આવેલ નથી.* વધુમાં, ફરીયાદપક્ષ તરફે હથીયાર રીકવરી અંગેનુ પંચનામુ અત્રેની અદાલતના રેકર્ડ ઉપર પુરવાર કરેલ નથી. તેવા સંજોગોમાં તપાસ એજન્સીએ હાલના કામના આરોપીઓ પાસેથી બનાવમાં વાપરવામાં આવેલ હથીયાર કબજે કરેલાની હકીકત ફરીયાદપક્ષ અત્રેની અદાલતના રેકર્ડ ઉપર પુરવાર કરી શકેલ નથી તેમ કહી શકાય. જેથી આ કામના આરોપીઓએ બનાવમાં હથીયારો ધારણ કરી આવા હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ગુજરાત પોલીસ એકટની કલમ-૧૩૫ અન્વયેનો ગુનો આચરેલ હોય તેવી કોઇ હકીકત અત્રેની અદાલતના રેકર્ડ ઉપર પુરવાર થયેલ નથી તેમ કહી શકાય. જેથી આ કામે આરોપીઓ પર **ગુજરાત પોલીસ એકટની કલમ-૧૩૫ મુજબના તથ્યો લાગુ પડતા નથી અને આરોપીઓ પર હાલના કામે ગુજરાત પોલીસ એકટની કલમ- ૧ ૩૫ મુજબનો આક્ષેપ પુરવાર થતો નથી.**

- **<u>મુદ્દા નંબર ૨ અંગે:-</u>**

**(૨૧)** ફરીયાદપક્ષે આરોપીઓ સામે ફરીયાદી તથા તેના દીકરા ને **ભુંડાબોલી ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકી આપેલ** આક્ષેપ છે, ત્યારે ભારતીય

દંડ સંહીતાની કલમ-૫૦૪, ૫૦૬(૨) ના તત્વો ધ્યાને લેવા ખુબ જ જરૂરી બને છે.

**ભારતીય દંડ સંહિતાની કલમ- કલમ ૫૦૪ અંગે નીચે મુજબના આક્ષેપિત તત્વો પુરવાર કરવાના રહે છે :-**

-: આરોપીએ ઈરાદાપુર્વક કોઈ વ્યકિતનુ અપમાન કર્યુ,

-: તેમ કરીને આરોપી તે વ્યકિતને ઉશ્કેરવા માંગતી હતી,

-: આરોપી જણતો હતો કે તેમ થવાથી તે વ્યકિત જાહેર સુલેહશાંતીનો ભંગ કરશે અથવા ગુન્હો કરી બેસશે.

હાલના તબબકે નીચે મુજબનો નામદાર ગુજરાત હાઈકોટનો કોર્ટનો ચુકાદો ધ્યાને લેવો ખુબ જ જરૂરી છે. **નામદાર ગુજરાત હાઈકોર્ટનાં ૨૦૦૭(૧)- જીએલએચ.૩૩૭- પ્રવિણ બેચરભાઈ વણકર અને બીજાઓ-વિરુધ્ધ-સ્ટેટ ઓફ ગુજરાતનાં ચુકાદામાં સ્પષ્ટરીતે એવું ઠરાવેલ છે કે,** ભારતીય દંડ સંહિતાની કલમ-૫૦૪, ૫૦૬(૨)નો ગુનો સાબીત કરવા આરોપીઓ દવારા વપરાયેલ અસલ શબ્દો રેકર્ડ પર આવવા જોઈએ. જો તે રેકર્ડ પર આવે નહીં તો સદર ગુનો આચરવામાં આવેલ છે તેવું કહી શકાય નહીં. વધુમાં કલમ ૫૦૪ માં લખ્યા પ્રમાણે અપમાન માત્ર ઈરાદાપૂર્વકનું જ નહીં પરંતુ અપમાનીત વ્યકિતને જાહેરશાંતિનો ભંગ કરવાં અથવા અન્ય ગુનો કરવા ઉશ્કેરણી કરતું હોવું જોઈએ. જો આવો પુરાવો રેકર્ડ પર આવેલો ન હોય તો આ કલમ અન્વયે ગુનો સાબીત થતો નથી.

**(૨૨)** ફરીયાદપક્ષે આરોપીઓ સામે એવો આક્ષેપ કરેલ છે કે, **આરોપીઓએ ફરીયાદી તથા તેના દીકરાને ભુંડાબોલી ગાળો આપેલ.** આ સંદર્ભે ભારતીય દંડ સંહીતાની કલમ ૫૦૪ વંચાણે લેવામાં આવે તો ભારતીય દંડ સંહીતાની કલમ ૫૦૪ મુજબનો ગુનો પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે એવું પુરવાર કરવું જરુરી છે કે, આ કામના આરોપીએ સાહેદ નું ઈરાદાપૂર્વક અપમાન કરેલ હોવું જોઈએ તેમજ સાહેદોને એટલા માટે ઉશ્કેરણી આપેલ હોવી જોઈએ કે જેથી સાહેદ જાહેર સુલેહ શાંતિનો ભંગ કરે, આ તત્વો પુરાવા પરથી ફલીત થાય તો જ કોઈપણ આરોપીને ભારતીય દંડ સંહિતાની કલમ ૫૦૪ ના ગુના અંગે તકશીરવાન ઠરાવી શકાય. રેકર્ડ પર પુરાવાનુ મુલ્યાકન કરતા આ

કામે તપાસવામાં આવેલ ફરીયાદી અરવિંદભાઈ ભુરાભાઈ સાટીયાના જણાવ્યા મુજબ આરોપી નંબર ૧ નાએ તેમના દીકરા નવઘણ ને ગાળો આપેલ હોવાની હકીકત જણાવેલ છે. જયારે ફરીયાદીના દીકરા નવઘણને આ કામે આંક-૩૨ થી તપાસવામા આવેલ. જેમા તેઓ ઉલટતપાસ દરમ્યાન કબૂલ રાખેલ છે કે, આરોપીએ તેમને કોઈ ગાળો આપેલ હોય કે માર મારેલ હોય તેવુ બનેલ નથી. વધુમા આ કામે બનાવ નજરે જોનાર સાહેદ હરિશચંદ્ર હનુભા પઢિયાર આંક-૨૯ થી તપાસેલા છે. તેઓ પણ ફરીયાદપક્ષને સમર્થન ન આપતા ફરી ગયેલા જાહેર કરેલ છે. તમામ સાહેદોની જુબાનીનું સમગ્રપણે મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદ પક્ષના સાહેદને આ કામના આરોપીએ શું ધમકી આપેલ કે શું ગાળો આપેલ તે હકિકત ચોકકસ પણે ફરીયાદી કે સાહેદોની જુબાની પરથી રેકર્ડ પર આવતી નથી. તેમજ આ કામના આરોપીએ ગાળો આપવાનું કૃત્ય ફરીયાદીપક્ષને ઉશ્કેરવા માટે કે સાહેદો શુલેહ શાંતિનો ભંગ કરે તે હેતુથી આપેલ હોય તેવું પણ રેકર્ડ પર આવેલ નથી. તે સંજોગોમાં ભારતીય દંડ સંહિતાની કલમ ૫૦૪ ના તત્વો જોવામાં આવે તો તેના મુળભુત તત્વો આરોપીએ સાહેદોનું ઈરાદાપૂર્વક અપમાન કરેલ હોવું જોઈએ તેમજ સાહેદોને એટલા માટે ઉશ્કેરણી આપેલ હોવી જોઈએ કે જેથી સાહેદ જાહેર સુલેહ શાંતિનો ભંગ કરે. જેથી **ભારતીય દંડ સંહીતાની કલમ ૫૦૪** ના તત્વો પુરાવા પરથી ફલીત થતા નથી.

**(૨૩)** આ કામે ફરીયાદપક્ષનો આરોપી સામે આક્ષેપ છે કે, આરોપીઓએ ફરીયાદી તથા તેના દીકરા નવઘણને જાનથી મારી નાખવાની ધમકી આપી, ભારતીય દંડ સંહિતાની કલમ ૫૦૬(૨) મુજબનો ગુનો કરેલ છે. ભારતીય દંડ સંહિતાની કલમ ૫૦૬ (૨) ફરીયાદપક્ષે પુરવાર કરવા નીચે મુજબના આક્ષેપિત તત્વો પુરવાર કરવાના રહે છે.

**<u>ભારતીય દંડ સંહિતાની કલમ કલમ ૫૦૬(૨) અંગે નીચે મુજબના આક્ષેપિત તત્વો પુરવાર કરવાના રહે છે. ::-</u>**

-: શું આરોપી ફરીયાદીને તેના શરીર, મિલકત અથવા પ્રતિષ્ઠાને કે તે અન્ય વ્યકિત સાથે હીત ધરાવતી હોય તેના શરીર અથવા પ્રતિષ્ઠાને હાની પહોચાડવાની ધમકી આપેલ છે?

– : શું આવી ધમકી ફરીયાદીને ભયભીત કરવાના ઈરાદાથી અથવા તો પોતે જે કરવા કાનૂનબધ્ધ ન હોય તેવું કૃત્ય કરે અથવા જે કરવાનો પોતાને કાનુની અધિકાર હોય તેવું કૃત્ય ન કરે, તેવા ઈરાદાથી આપવામાં આવી હતી અથવા આવી ધમકી મૃત્યુ નિપજાવવાની કે મહા વ્યથા કરવાની કે કોઈ મીલકતનો આગથી નાશ કરવાની કે આજીવન કેદ અથવા સાત વરસ સુધીની કેદની સજાને પાત્ર ગુન્હો કરવા અંગે ની હતી અથવા આવી ધમકી સ્ત્રી ઉપર ચરિત્ર હીનતાનો આક્ષેપ કરવા અંગેની હતી?

**(૨૪)** હાલના તબબકે નીચે મુજબનો નામદાર ગુજારાત હાઈકોટનો કોર્ટનો ચુકાદો ઘ્યાને લેવો ખુબજ જરૂરી છે. **નામદાર ગુજરાત હાઈકોર્ટનાં ૨૦૦૭(૧) –જીએલએચ.૩૩૭–પ્રવિણ બેચરભાઈ વણકર અને બીજાઓ–વિરુધ્ધ–સ્ટેટ ઓફ ગુજરાત**નાં ચુકાદામાં સ્પષ્ટરીતે એવું ઠરાવેલ છે કે, ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪, ૫૦૬(૨)નો ગુનો સાબીત કરવા આરોપી દવારા વપરાયેલ અસલ શબ્દો રેકર્ડ પર આવવા જોઈએ. જો તે રેકર્ડ પર આવે નહીં તો સદર ગુનો આચરવામાં આવેલ છે તેવું કહી શકાય નહી. કલમ ૫૦૬(૨)માં મૃત્યુ અથવા તો ગંભીર વ્યથા પહોંચાડવાની અપાયેલ ધમકીનાં કારણે સાહેદને ભયની ઘંટડી બજતી હોય તેવું લાગવું જોઈએ અને તેનાં મનમાં ગભરાટ ઉભો કરતું હોવું જોઈએ. વઘુમાં આવી ધમકીનાં કારણે સાહેદ ફરીયાદ નોંધાવ્યા પછી કોઈપણ સમયે પોતાની ફરજ અદા કરવાં માટે અશકિતમાન થયેલા હોવા જોઈએ. જો આવો પુરાવો રેકર્ડ પર આવેલો ન હોય તો આ કલમ અન્વયે ગુનો સાબીત થતો નથી.

ફરીયાદપક્ષે આરોપીઓ સામે એવો આક્ષેપ કરેલ છે કે, **આ કામના આરોપીઓએ ફરીયાદી તથા તેના દીકારાને જાનથી મારી નાખવાની ધમકી આપેલી.** આ સંદર્ભે ભારતીય દંડ સંહીતાની કલમ ૫૦૬(૨) વંચાણે લેવા માં આવે તો ભારતીય દંડ સંહીતાની કલમ ૫૦૬(૨) મુજબનો ગુનો પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે એવું પુરવાર કરવું જરુરી છે કે, આરોપીએ સાહેદોને કોઈ ગુનાહિત ધમકી કે મહાવ્યથા કરવાની ધમકી આપેલી. માત્ર ઉશ્કેરણી જનક શબ્દો કહેવામાં આવેલ હોય તેના આધારે ભારતીય દંડ સંહીતાની કલમ ૫૦૬(૨) નું તહોમત બને છે તેવું ઠરાવી શકાય નહી.

**(૨૫)** આ કામનો રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લેતા, આ કામના ફરીયાદી અરવિંદભાઈ ભુરાભાઈ સાટીયા ને આંક-૨૧ થી પોતાની સોગંદ પર જુબાની આપેલ છે. જેમા આરોપીઓએ ફરીયાદી કે તેના દીકરા નવઘણને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય કે અને તે ધમકીના કારણે ફરીયાદી કે તેના દીકરા નવઘણને મૃત્યુનો ભય થયો હોય અથવા રોજીંદા કામકાજમા અવરોધ ઉભો થયો હોય તેવુ જણાતુ નથી. વધુમા આ કામે ફરીયાદીના દીકરા નવઘણ કે જે બનાવ નજરે જોનાર સાહેદ છે તેઓને આંક-૩૨ થી તપાસેલા છે. તેઓના જણાવ્યા મુજબ આરોપી અને ફરીયાદી વચ્ચે ઉંદરડા મુકવા બાબતે સામાન્ય બોલાચાલી થયેલ તે સિવાય બીજુ કાંઈ બનેલ નથી. જ્યારે આ કામે સદર બનાવ નજરે જોનાર સાહેદ હરીચંદ્ર હનુભા પઢિયાર ને આંક-૨૯ થી તપાસવામા આવેલા છે. પરંતુ સદર સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય તેઓને ફરી ગયેલા જાહેર કરેલા છે. જ્યારે આ કામે તપાસવામા આવેલ અન્ય સાહેદ હરેશભાઈ ધનાભાઈ સાટીયા અને રાધાબેન અરવિંદભાઈ સાટીયા નાઓની જુબાની ધ્યાને લેતા બંને સાહેદો બનાવ નજરે જોયેલ ન હોવાથી બનાવ કેવી રીતે બનેલ છે તે તેઓ કહી શકે નહી.

**(૨૬)** આમ ફરીયાદી તથા સાહેદોની જુબાની ધ્યાને લેતા તેઓ પોતાની જુબાની દરમ્યાન આરોપીએ તેઓને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય અને તે ધમકીના કારણે સાહેદોને મૃત્યુનો ભય થયો હોય અથવા ફરીયાદી કે સાહેદોના રોજિંદા કાર્યક્રમ કે વ્યવહારને કોઈ અવરોધ ઉભો થયેલ હોય તેવું જણાતું નથી. વળી, આરોપીએ આપેલ ધમકીના કારણે ફરીયાદી કે સાહેદોને કોઈ માનસીક અસર થઈ હોય કે સાહેદને કોઈ ભય થયો હોય તેવું જણાતું નથી. તે ઉપરાંત ફરીયાદ પક્ષે તપાસવામાં આવેલ સાહેદોની જુબાની ધ્યાને લેતા બનાવ બન્યા બાદ ફરીયાદીએ ફરીયાદ નોંધાવ્યા પછી કોઈપણ સમયે ફરીયાદી કે સાહેદોની રોજીંદી જિંદગી જીવવા માટે ભય ઉપસ્થિત થયેલ હોય કે આરોપીએ આપેલ ધમકી ના કારણે ફરીયાદીને કે સાહેદને ભયની કોઈ ચેતવણી મળેલ તેવો કોઈ પુરાવો નામ.કોર્ટના રેકર્ડ ઉપર આવેલ નથી. **ત્યારે હાલના સંજોગોમાં ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધ ભારતીય ફોજદારી ધારાની કલમ-૫૦૬(૨) મુજબનુ તહોમત સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે.** જેથી **મુદ્દા નંબર ૨** નો જવાબ " **નકારમા** " આપવામા

આવે છે.

**(૨૭)** આમ, ઉપરોકત તમામ ચર્ચા ને અંતે અને તમામ સાહેદોની જુબાની જોતા, બનાવ સદર કામના આરોપીઓ ધ્વારા બનેલ હોય અને સદરહુ ગુના મા હાલના કામના આરોપીઓ ની સંડોવણી હોય તે હકીકત નિ:શંકપણે પુરવાર થતી નથી અને મુદામાલ હથીયાર વડે ઈજાપામનાર ને ઈજા થયેલ હોય અને તે ઈજા સદર કામમા કબ્જે કરેલ મુદામાલ હથીયાર ધ્વારા ઈજા કરેલ હોય તેવી હકીકત પણ રજુ થયેલ પુરાવા ઉપરથી નિ:શંક પણે સાબીત થતી નથી.જેથી, ઉપરોકત કરેલ તમામ ચર્ચાના રૂએ ફરીયાદ પક્ષે આરોપી સામેનો કેસ, સબ્સ્ટેનશીયલ તેમજ કોરોબોરેટીવ પુરાવા રજુ રાખવામાં નિષ્ફળ રહેલા છે તેવુ, અત્રેની કોર્ટ નું વિનમ્રપણે માનવુ છે.

**(૨૮)** આ તબકકે, **<u>૨૦૧૭(૨) જી.એલ.આર., ૧૫૫૨ – મહેશભાઇ રતીલાલ ભીલ વિ. સ્ટેટ ઓફ ગુજરાત</u>** નો ચુકાદો વંચાણે લેવામાં આવે તો તેમાં નામ.હાઈકોર્ટે એવું ઠરાવેલ છે કે, ફરિયાદ પક્ષના કેસમાં જ્યારે શંકા ઉપસ્થિત થતી હોય ત્યારે માત્ર નૈતિકતાના આધારે સજા કરી શકાય નહિ. **ગુન્હો ગમે તેટલો ગંભીર હોય અને શંકા ગમે તેટલી દ્રઢ હોય તો પણ તે ક્યારેય પુરાવાનું સ્થાન લઈ શકે નહિ અને જ્યારે આ શંકા ઉપસ્થિત થાય ત્યારે તેનો લાભ હંમેશા આરોપીને મળવો જોઇએ.** હાલના કેસમાં પણ ઉપરોક્ત કરવામાં આવેલ ચર્ચા મુજબ ફરિયાદ પક્ષ પોતાનો કેસ નિઃશંક રીતે પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ છે ત્યારે શંકાનો લાભ તહોમતદારને આપવો ન્યાયી અને યોગ્ય જણાય છે.

**ત્યારબાદ,** આ તબક્કે નામદાર ગુજરાત હાઈકોર્ટના **Rakeshkumar Damodarji Acharya v/s state of Gujarat 2014(3) GLH 252 Coram: Hon’ble Justice Bhaskar Bhattacharya and J.B.Pardivala** ના ચુકાદામાં સ્પષ્ટપણે એવું ઠરાવેલ છે કે,

**para 51**

*"The trail judge owes a responsibility to weigh the probability of the prosecution evidence, which he has to do for arriving at the decision whether the prosecution allegations have been proved by the standard laid down in section 3 of the Evidence Act. In so weighing the probability of the prosecution allegation, of necessity, other probabilities also appearing from the evidence brought before the Court have to be considered for comparative assessment which of the probabilities should be accepted as a fact proved. If, from the evidence, any probability consistent with the innocence of the accused is equally strong as the probability pointing to his guilt, then on the strength of the presumption of innocence in favor of the accused, it could be said that the prosecution has failed to prove its allegations. Even if the probability consistent with innocence is not equally strong with other probability of innocence is such as would cast a doubt, then it may be a case of reasonable doubt, the benefit of which must go to the accused. That being so, it is incumbent upon the trial Judge to consider all the probabilities that appear from the evidence before him, and he cannot afford to be credulous and omit so consider reasonable probabilities only because in the opinion of the medical expert, the case is one of homicidal death and not suicidal death. The trial Court, as a Judge of fact, must consider the evidence given in the case from all view points."*

**એટલે કે જ્યારે ન્યાયની અદાલતને ફરિયાદપક્ષના કેસમાં વ્યાજબી શંકા જણાય એટલે કે જયારે ત્યારે તેવી શંકાનો લાભ આરોપીને અવશ્યપણે આપવો જ જોઈએ એજ રીતે નામદાર સર્વોચ્ચ અદાલતે જગ્ગાસિંઘ વિ. પંજાબ રાજ્ય (એ.આઈ.આર.૧૯૭૫ સુ.કો.૧૩૫) ના ચુકાદામાં ઠરાવ્યા અનુસાર શંકા આખરે શંકા છે, તે ગમે તેટલી દ્રઢ હોય તો પણ સાબિતિનું સ્થાન લઈ શકે નહિ અને બનાવ બનવા બાબતે વ્યાજબી શંકા ઉપજેલી હોય તેથી ભારતીય ન્યાય પ્રણાલી અનુસાર વ્યાજબી શંકાનો લાભ આરોપીઓ ને આપવો ન્યાયોચીત જણાય છે.**

**(૨૯)** ઉપર મુજબ કેસની હકિકતો, પડેલ પુરાવા તથા કાયદાની પરિસ્થિતિ જોતાં ફોજદારી કેસોમાં કેસ પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહેલો છે અને ફરીયાદપક્ષે પોતાનો કેસ સબળ પુરાવાથી નિ:શંક રીતે પુરવાર કરવાનો રહે છે. આમ, ફરીયાદપક્ષનાં સમગ્ર પુરાવાથી ફરિયાદપક્ષ ફરિયાદમાં આરોપીઓ સામે આક્ષેપાયેલ ગુનાના આવશ્યક તત્વોને આકર્ષી શકે તેવો નિઃશંક પુરાવો રજુ કરવામાં નિષ્ફળ ગયેલા છે. તેથી ઉપરોકત તમામ ચર્ચાના અંતે, આરોપીઓએ તારીખ ૨૮/૦૬/૨૦૨૩ ના કલાક ૧૮/૩૦ વાગ્યે આ કામના ફરીયાદીનો દીકરો નવઘણભાઈ ફરીયાદીના ઘરેથી ઉંદર પકડીને રાણપરી ગામે તળાવની પાળે મુકવા જતો હતો તે દરમ્યાન આ કામના આરોપી નંબર-૦૧ ના ઘર પાસેથી સવારે નીકળેલ હોય, તેની દાઝ રાખી આ કામના આરોપી નંબર-૦૩ નાઓએ હાથમા પહેરેલ ધાતુનું કડલુ ફરીયાદીને માથાના ભાગે મારી, લોહીયાળ ઈજા કરી તથા આરોપી નંબર-૦૨ તથા ૦૪ નાઓએ હાથમા લાકડીઓ લઈ આવી, આ કામના ચારેય આરોપીઓએ ફરીયાદીને તથા ફરીયાદીના દીકરાને ઘર પાસેથી નહી નીકળવાનું કહી ભુંડા બોલી, જાનથી મારી નાખવાની ધમકી આપી, મેજીસ્ટ્રેટ સાહેબના હથીયાર બંધી જાહેરનામાનો ભંગ કરી, **ભારતીય દંડ સંહિતા ની કલમ-૩૨૪, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪, તથા ગુજરાત પોલીસ એકટ ની કલમ-૧૩૫** મુજબનો ગુનો કરેલો છે, તેવી હકીકત સરકાર પક્ષે નિ:શંકપણે સાબીત કરવામા નિષ્ફળ ગયેલ હોય, **મુદ્દા નંબર ૧ તથા મુદ્દા નંબર ૨ નો જવાબ '' નકારમાં '' આપી, મુદ્દા નંબર-૩ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.**

## -: આખરી હુકમ :-

**૧.** આ કામે આરોપીઓ **નંબર (૧) રઘુભાઈ ઉર્ફે મુન્નાભાઈ જહાભાઈ સાટીયા (ભરવાડ), (૨) લખમણભાઈ જેસાભાઈ સાટીયા (ભરવાડ), (૩) બુધાભાઈ જેસાભાઈ સાટીયા (ભરવાડ) અને (૪) જેસાભાઈ ગોકુળભાઈ સાટીયા (ભરવાડ)** તમામ રહેવાસી-રાણપરી, તાલુકો-બરવાળા, જીલ્લો-બોટાદ નાઓને તેઓ વિરૂધ્ધ

નોંધાયેલ **ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ની કલમ– ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા ગુજરાત પોલીસ એક્ટ ની કલમ–૧૩૫** મુજબના શિક્ષાપાત્ર ગુન્હાના કામે શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

**૨.** મુદ્ધામાલ પાવતીમાં દર્શાવ્યા મુજબનો મુદ્ધામાલ **એક ધાતુનુ કડુ જેનુ વજન આશરે ૩૦૦ ગ્રામ જેટલુ છે જેના ઉપર ગાયના બે તથા કૃષ્ણનુ એક ચિત્ર ત્રોફાવેલ** છે તેની મુળ માલીકી હકક ની ખરાઈ કર્યે થી મુળ માલીક ને અપીલ સમય બાદ પરત સોંપવાનો હુકમ કરવામા આવે છે તથા મુદ્દામાલ **વાસની લાકડીઓ** નો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામા આવે છે.

**૩.** આરોપીઓના જામીન સમયે આપેલ જામીનખત તથા જાતમુચરકા રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૪.** પ્રત્યેક આરોપીઓએ ફોજદારી કાર્યરીતી સંહિતા ની કલમ–૪૩૭(એ) મુજબ રૂપિયા ૧૦,૦૦૦/– (રૂપિયા દસ હજાર પુરા) નાં અપીલ સમય સુધીના જામીન રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ: ૧૬મી, માહે–એપ્રિલ, સને– ૨૦૨૬ ના રોજ બરવાળા મુકામે ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

| | |
|---|---|
| **તારીખ: ૧૬/૦૪/૨૦૨૬**<br>**બરવાળા.** | **(નિતેશ કિશોરભાઈ નાચરે)**<br>**જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટકલાસ**<br>**બરવાળા, જીલ્લો–બરવાળા**<br>**યુનિક જજ કોડ–જીજે ૦૧૪૫૧** |